જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૦/૦૮/૨૦૨૫ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

સી.આર.પી.સી.કલમ ૮૨ મુજબ
આરોપીને કોર્ટમાં હાજર થવાનુ ફરમાનઃ– **સમાચાર યાદી નં.૧૨૨૧/૨૦૨૫**

(૧)

ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૭૨૨૦૪૨૬/૨૦૨૨ ધી ઈ.પી.કો.કલમ ૩૨૬(બી) મુજબ તથા સેશન્સ કેસ નંબર ૩૩૬/૨૦૨૨ મુજબના ગુનાના કામે આરોપી ભરતભાઇ ભીખાભાઇ પરમાર (ઉ.વ.૪૨) (રહે. મનુભાઇની ચાલી સી.એમ.સી.ટોરેન્ટ પાવરની પાછળ ઓઢવ અમદાવાદ શહેર, મુળ વતન ગામ–રાનાવાડા તા.સિહોરી જી.બનાસકાંઠા) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂં નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી એમ.પી.પુરોહિત સાહેબ, અધિક મુખ્ય ન્યાયાધીશ કોર્ટ નંબર–૦૨ સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૩/૦૯/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

(૨)

ઓઢવ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૨૯૭/૨૦૦૩ ધી ઈ.પી.કો. કલમ ૩૬૩,૩૬૬,૩૭૬,૧૧૪ મુજબ તથા સેશન્સ કેસ નંબર ૩૯૦/૨૦૨૫ મુજબના ગુનાના કામે આરોપી (૧) સંતોષકુમાર બ્રિજલાલ ગૌતમ (ઉ.વ.૨૭) (રહે. વિરમ બાબરભાઇની ચાલી રબારી વસાહત ઓઢવ અમદાવાદ શહેર) (૨) પિન્ટુ ઉર્ફે સુનિલ સ/ઓ બ્રિજલાલ ગૌતમ (ઉ.વ.૨૦) (રહે. વિરમ બાબરભાઇની ચાલી રબારી વસાહત ઓઢવ અમદાવાદ શહેર) અને (૩) કમલેશ ઉર્ફે રાજુ સ/ઓ બ્રિજલાલ ગૌતમ (ઉ.વ.૨૫) (રહે. ગામ ખુર્દ ખોજનપુર તા.બિલોદ જી.કાનપુર ઉત્તરપ્રદેશ) નાઓ ઉપરોક્ત ગુનાના કામે ફરિયાદનો જવાબ આપવા સારૂં નાસતા–ફરતા હોય નામદાર જજ શ્રી જજશ્રી ડી.એ.વોરા સાહેબ,અધિક સત્ર ન્યાયાધીશ FTSC COMBINE FTC FOR RAPE AND POCSO COURT સિટી સિવિલ અને સેશન્સ કોર્ટ, લાલ દરવાજા, ભદ્ર, અમદાવાદ શહેર સમક્ષ તા.૦૨/૦૯/૨૦૨૫ ના રોજ તથા તે પહેલા હાજર રહેવા ફરમાન કરવામાં આવે છે.

નશાબંધી ધારા તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૨૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૮ કેસ કરી, ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૩૬૭ લીટર દેશી દારૂ, ૦૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૬ કવાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તથા જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૨,૨૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૨૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૧૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરવામાં આવી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર ચાદી નં.૧૨૨૪/૨૦૨૫**

સેટેલાઈટઃ સેટેલાઈટ એસ.જી.હાઈવે વાઈડ એન્ગલ પાસે મોડ્યુલ હાઈટસ ખાતે "કોમેટ પર્ફોમન્સ કેમીકલ્સ" નામની કંપની ખાતે સીનીયર એકાઉટન્ટ તરીકે કામ કરતા જીલેશ શૈલેષભાઈ ગાંધી (ઉ.વ.૩૯)(રહે.શ્રીકુંજ સોસાયટી, રન્નાપાર્ક ઘાટલોડીયા) એ તા.૨૯/૦૮/૨૦૨૫ ના રોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે આરોપી સુશીલ ડોડા (ઠે. મોલી કૂર્પા એન્ટરપ્રાઈઝ બિલ્ડીંગ નંબર–જી ફેઝ પ્રથમ માળ ગાલા નં–૨ મુનીસુરત કંપાઉન્ડ અજુર પાટા ભીંવડી મુંબઈ) નાઓએ તા.૦૧/૦૫/૨૦૨૨ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન "કોમેટ પર્ફોમન્સ કેમીકલ્સ" નામની કંપની ખાતે ૩૦ ટન મેઝ સ્ટાર્ચ મટીરીયલનો ઓર્ડર આપતા તેઓના ઓર્ડર મુજબનો માલ કિમત રૂપિયા ૧૩,૨૩,૮૪૦/– ડીલીવરી સ્થળ ખાતે ડીલીવરી કરતા તે પેટે બાકી નિકળતા માલના રૂપિયા ૮,૦૪,૩૪૦/– આજદીન સુધી નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી સંદીપભાઈ અંબારામભાઈ ચલાવે છે.

કૃષ્ણનગરઃ ભાવિનસિંહ સુરેશસિંહ ચાવડા (ઉ.વ.૩૪)(રહે.મંગલદિપ સોસાયટી, પ્રિયા સિનેમા સામે, કૃષ્ણનગર) એ તા.૨૯/૦૮/૨૦૨૫ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૫/૦૮/૨૦૨૫ રાતના ૯/૧૫ વાગ્યાના સુમારે વોટ્સએપ નંબર ૭૦૪૩૬૬૫૩૪૦ ના ધારકે ભાવિનસિંહના મિત્રના મોબાઈલ નંબર ઉપર વોટ્સએપ થી આર.ટી.ઓ.ચલણની apk. ફાઈલ મોકલી હતી. જે ફાઈલ ભાવિનસિંહના મિત્રના મોબાઈલમાં નહી ખુલતા ભાવિનસિંહ ચાવડાના મોબાઈલમાં વોટ્સએપ કરી apk. ફાઈલ ખોલતા જ ભાવિનસિહ ચાવડા નાઓનો મોબાઈલ ફોન હેક થઈ ગયો હતો. દરમ્યાન ૭૦૪૩૬૬૫૩૪૦ ના ધારકે ભાવિનસિંહ ચાવડાના ઈન્ડસઈન્ડ બેંકના ક્રેડિટકાર્ડમાંથી રૂપિયા ૧,૪૨,૪૩૦/– ઓનલાઈન ટ્રાન્જેક્શન કરી લઈ છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.આર.ધવન ચલાવે છે.

ટ્રેઈનની અડફેટે આવી જતાં મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૨૨૫/૨૦૨૫**

કૃષ્ણનગરઃ કૃષ્ણનગર સૈજપુર કુબરેશ્વર મહાદેવની બાજુમાં વિજયનગરની ચાલી ગીરીવંશ સોસાયટી ખાતે રહેતા રાકેશભાઈ કાંતીભાઈ પટણી નાઓનો સોળ વર્ષનો પુત્ર તા.૨૯/૦૮/૨૦૨૫ બપોરના ૨/૪૦ વાગ્યાના સુમારે સૈજપુર રેલવે ફાટક પાસે ટ્રેઈનની અડફેટે આવી જતા તેનું મૃત્યું નિપજ્યું હતું. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી જે.જે.અસારી ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી